કરી હતી.

બીડી-કામદાર સંમેલન

બીડી કામદાર બહેનોનું વાર્ષિક સંમેલન ૨૯-૧૧-'૮૮ના રોજ 'સેવા'ના પ્રધાનમંત્રીશ્રી ઇલાબહેન ભટ્ટના પ્રમુખપદે ગોમતીપુરમાં યોજાયું હતું.

બીડી વાળવાનું કામ બધી જ બહેનો કરીએ છીએ છતાં આપણામાંથી કોઈને રૂ. ૧૨, કોઈને રૂ. ૧૦ કે ૯ એમ કેમ મળે છે? આપણી જે મુશ્કેલીઓ છે તે સરકારની નજરે ચઢે-આપણે કામદાર તરીકે ગણાઈએ અને સૌને સરખા ભાવ મળે તે માટે આપણે હજુ વધુ મજબૂત સંગઠન બનાવવાનું છે. આપણે સૌ જાગૃત થઈએ અને ખરીદ વેચાણ પદ્ધતિને દૂર કરવા અવાજ ઉઠાવીએ-સેવાના પ્રમુખ ગોદાવરીબેને બહેનોને હાકલ કરી.

સેવાના મંત્રી રેનાનાબહેને કહ્યું કે તમે સૌ બહેનો જુદા જુદા ધર્મની બહેનો તરીકે નહિ પરંતુ બીડી કામદાર બહેનો તરીકે જ છો અને તમે કામદાર છો તે સરકારને બતાવવાનું છે. ખરીદ-વેચાણ પદ્ધતિને કારણે તમારા હક તમને મળતા નથી. બીડી તમે નથી બનાવતા તો કોણ બનાવે છે? આપણા કામમાંથી માલિક-ઠેકેદાર કમાય છે અને આપણને ઓછી રોજી આપે છે. આપણે સૌએ ભેગાં મળીને માલિક પાસે માંગવાનું છે. બીડીની છાંટ વગેરે ઓછી કરાવો.

પ્રમુખસ્થાનેથી ઈલાબહેને ભારપૂર્વક કહ્યું કે, તમે ગૃહિણી-પત્ની, માતા છો. સાથે સાથે એક કામદાર પણ છો. તમારા હૃદયને થશે કે તમે કામદાર છો ત્યારે જ